અગ્રતાક્રમ-૮૫ જુથ-૩ 3

# ઉદ્યોગગૃહોને જંગલોની જમીન ફાળવવા બાબત

**તારાંકિત પ્રશ્ન– 15/4/2304 શ્રી અમિત ચાવડા (આંકલાવ): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંશોધિત એલોકેશન ઓફ બિઝનેશ રૂલ્સ-૧૯૬૧ અંતર્ગત વન (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૦ હેઠળ વન વિભાગ દ્વારા કેટલી દરખાસ્તોમાં વન વિભાગ હસ્તકની જંગલની જમીનો કયા ઉદ્યોગગૃહોને ફાળવવામાં આવી, અને | (૧) તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૨૩ દરખાસ્તોમાં નીચે જણાવેલ કુલ-૧૩ ઉદ્યોગ ગૃહોને જંગલની જમીનો ફાળવવામાં આવેલ છે.<br>(૧) નોબેલ સેરા કોટ<br>(૨) મોરાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ<br>(૩) અદાણી ગ્રૃપ<br>(૪)આર્કેયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ<br>(૫) સનડ્રોપ્સ એનર્જીયા પ્રાઈવેટ લિમિટેડ<br>(૬) આરએસપીએલ લિમિટેડ<br>(૭) નર્મદા ક્લીનટેક<br>(૮) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ<br>(૯) આઈઆરએમ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ<br>(૧૦) ટૌરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ<br>(૧૧)સાયન યુટીલીટી & કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ<br>(૧૨) સુર્યવંશી પાવર ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ<br>(૧૩) લવમેકુમાર રાઠોડ |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાજ્ય સરકારને કેટલી આવક થઈ? | (૨) ઉદ્યોગ ગૃહો પાસેથી નિયમોનુસારની રકમ વસુલ કરતાં નીચે મુજબ આવક થઈ છે. |

| વર્ષ | વસુલ કરવામાં આવેલ રકમ |
|---|---|
| ૨૦૨૨ | ૮૪,૦૭,૯૮૨.૦૦ |
| ૨૦૨૩ | ૧૭,૬૭,૬૦,૬૬૬.૦૦ |
| કુલ | ૧૮,૫૧,૬૮,૬૪૮.૦૦ |

→ ૧૮.૫૨ કરોડ

# અગ્રતાક્રમાંક.૧૫ પુરક નોંધ

- ભારત સરકારશ્રીના તા.૩૧/૦૧/૨૦૧૭ સુધી સંશોધિત (એલોકેશન ઓફ બિઝનેશ) રૂલ્સ-૧૯૬૧ અંતર્ગત વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ જંગલની જમીન ઔધોગિક હેતુસર મંજૂર કરવામાં આવે છે.
- વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અંતર્ગત જંગલ જમીનના બિન જંગલ ઉપયોગ માટે યુઝર એજન્સી દ્વારા જે વન જમીનની માંગણી કરવામાં આવે છે તેના માટે ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવી આવશ્યક છે.
- ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ યુઝર એજન્સીને ફાળવવામાં આવતી જંગલ જમીનનું લીગલ સ્ટેટસ બદલાતુ ન હોઈ, ઉક્ત જમીન, જંગલ જમીન જ રહે છે.
- તેમજ યુઝર એજન્સી દ્વારા જે હેતુ માટે જંગલ જમીનની માંગણી કરવામાં આવેલ હોય તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહે છે.
- વન જમીનના બિન-જંગલ ઉપયોગ માટે ભારત સરકારશ્રી તરફથી આપવામાં આવતી મંજુરીવાળા વન વિસ્તારનું લીગલ સ્ટેટસ બદલાતુ નથી.
- આ જમીન ભાડા પટ્ટે કે વેચાણથી આપવામાં આવતી નથી. જેથી ભાડા પટ્ટેની રકમની આવક તેમજ ભાડા પટ્ટેની બાકી રકમ અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
- પરંતુ, વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ અને તેને આનુસાંગિક નિયમો અને ગાઇડ લાઈન્સ મુજબ આવી દરખાસ્તોની મંજુરી અન્વયે ભારત સરકારશ્રી દ્વારા મુખ્યત્વે નીચે મુજબની શરતો રાખવામાં આવે છે.

(૨) વાઘેલ

૧.વન જમીનના બદલામા બિન જંગલ જમીન

૨.ઉપરોક્ત બિન જંગલ જમીન ઉપર વળતર વનીકરણ માટેની જરૂરી રકમ

૩.નામ. સુપ્રીમ કોર્ટના રિટ પીટીશન (સિવિલ) નંબર-૨૦૨/૧૯૯૬ તા.૨૮/૦૩/૨૦૦૮ ના ચુકાદા અન્વયે વન જમીનની કેટેગરી પ્રમાણે હેક્ટર દીઠ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (ચોખ્ખી વર્તમાન કિંમત)

૪. અન્ય વધારાની શરતો મુકવામા આવે તે

➢ ભારત સરકારશ્રીના તાઃ૩૧/૦૧/૨૦૧૭ સુધી સંશોધિત એલોકેશન ઓફ બિઝનેશન રૂલ્સ-૧૯૬૧ અંતર્ગત વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૩ દરખાસ્તો માટે ૬૪.૪૬ હેક. જંગલની જમીનો ઉધોગ ગૃહોને ફાળવવામાં આવી.

| **વર્ષ** | **દરખાસ્તની સંખ્યા** | **વિસ્તાર** |
|---|---|---|
| ૨૦૨૨ | ૯ | ૭.૩૫ હેક્ટર |
| ૨૦૨૩ | ૧૪ | ૫૭.૧૧ હેક્ટર |
| **કુલ** | **૨૩** | **૬૪.૪૬ હેક્ટર** |

➢ છેલ્લા બે વર્ષમાં કુલ **૨૩** દરખાસ્તોમાં ઉધોગ ગૃહો પાસેથી નીચે મુજબ રકમ વસુલ કરવામાં આવેલ છે.

(૨) પાછળ

પરિશિષ્ટ ૨૪૫

| અ.નં. | વિગત | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વળતર વનીકરણ | ૨૨ લાખ ૭૬ હજાર | ૯૦૧ લાખ ૫૯ હજાર | **૯૨૪ લાખ ૩૫ હજાર** |
| ૨ | એન.પી.વી. | ૪૯ લાખ ૩૦ હજાર | ૬૪૫ લાખ ૪૩ હજાર | **૬૯૪ લાખ ૭૪ હજાર** |
| ૩ | દંડનીય એન.પી.વી. | ૧૧ લાખ ૯૦ હજાર | ૦.૦૦ | **૧૧ લાખ ૯૦ હજાર** |
| ૪ | મેડીશનલ પ્લાન્ટેશન તથા અન્ય | ૧૧ હજાર ૬૦૦ | ૨૨૦ લાખ ૫૭ હજાર | **૨૨૦ લાખ ૬૯ હજાર** |
| **કુલ ---** | | **૮૪ લાખ ૭ હજાર** | **૧૭૬૭ લાખ ૬૦ હજાર** | **૧૮૫૧ લાખ ૬૮ હજાર** |

3

# અગ્રતા ક્રમાંક.૧૫

શ્રી કેશુભાઈ પટેલ (ભુજ)

**પ્રશ્ન**

**વન જમીનના ડાયવર્ઝન માટે કઈ શરતોના આધારે ઉદ્યોગ ગૃહોને ફાળવણી કરવામાં આવે છે ?**

**જવાબ :**

ઉદ્યોગ ગૃહો માટે વન જમીનની માંગણીની અનિવાર્યતા ચકાસીને વન જમીનના ડાયવર્ઝન માટે ભારત સરકારશ્રીનાં વન સંરક્ષણ ધારા-૧૯૮૦ (FCA)ની કાયદાકીય જોગવાઇ, નિયમો અને ગાઇડલાઇન પ્રમાણે ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની થાય છે. આ માટે મુખ્ય નિયમો જોઇએ તો..

(૧) પ્રથમ તો આ કાયદા હેઠળ ડાઇવર્ટ થતી જમીનનું લીગલ સ્ટેટ્સ બદલાતું નથી. એટલે કે, વન જમીન માંગણીદાર સંસ્થાના નામે થતી નથી. માત્ર વપરાશના હક્કો અપાય છે.

- ૭/૧૨માં જમીનનું સ્ટેટસ ફોરેસ્ટ તરીકે ચાલુ રહે છે.
- માલિકીનો હક મળતો નથી. માત્ર વપરાશનો હક છે.
- લોન/મોર્ગેજ મળી શકતો નથી.

(૨) કાયદાની જોગવાઈઓ હેઠળ વળતર વનીકરણ માટે જમીનના બદલામાં જમીન અને વૃક્ષોના બદલામાં વૃક્ષો દ્વારા નુકશાનીના વળતરની જોગવાઈ કરવામાં આવી છે.

- વળતર વનીકરણ માટે પ્રતિ હેકટર આશરે રૂ.૬.૫૦ લાખ લેવામાં આવે છે.

(૧) પાછળ

(૩) વળતર વનીકરણ માટે ડાયવર્ટ થતી વન જમીન માટે તેટલી જ, વનનો ઉછેર થઇ શકે તેવી બિન જંગલની જમીન યુઝર એજન્સી દ્ધારા વન વિભાગને સુપ્રત કરવાની થાય છે. અને તેના ઉપર વનીકરણ માટે થનાર ખર્ચ યુઝર એજન્સી દ્ધારા ભરપાઇ કરવાના થાય છે. વળતર વનીકરણ માટે મળેલ બીન જંગલ જમીન વન વિસ્તાર તરીકે જાહેર કરવાની થાય છે.

(૪) નામદાર સુપ્રીમ કોર્ટના વર્ષ ૨૦૦૮ ના હુકમ મુજબ માંગણી થયેલ વન જમીનની પ્રતિ હેક્ટર નેટ પ્રેઝન્ટ વેલ્યુ યુઝર એજન્સીએ ભરપાઇ કરવાની થાય છે. જે વનોના વર્ગીકરણ અને ઘનતાના આધારે **રૂ. ૬.૭૦ લાખ** થી **રૂ.૧૫.૯૫ લાખ પ્રતિ હેક્ટર** સુધી રહે છે.

આ ઉપરાંત વન, વન્યપ્રાણી અને પર્યાવરણના રક્ષણ અને સંરક્ષણ માટે જરૂરી જણાય તો વધારાની શરતો પણ મુકવામાં આવે છે.

## અગ્રતા ક્રમાંક.૧૫

શ્રી અંદિપભાઈ દેસાઈ (મોયાંસી)

**પ્રશ્ન**

**સરકારશ્રીની પૂર્વ મંજુરી સિવાય કામગીરી શરૂ કરવામાં આવેલ હોય અથવા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હોય તો શું દંડનીય જોગવાઈઓ છે ?**

**ઉત્તર :**

- વન (સંરક્ષણ) ધારા–૧૯૮૦ નો ભંગ થયેલ હોઈ તો ગાઈડલાઈનના પેરા–૧.૨૧ મુજબ નીચે મુજબની જોગવાઈઓ છે.
- જે કિસ્સાઓમાં વન (સંરક્ષણ) ધારા, ૧૯૮૦ હેઠળ દરખાસ્ત વિચારણા હેઠળ હોય અને આખરી મંજુરી પહેલાં વન વિસ્તારનો ડાયવર્ઝન કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં

(અ) **દરેક વર્ષના કાયદાના ઉલ્લંઘન માટે પ્રતિ વર્ષ પ્રતિ હેક્ટર એક ગણુ નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV) અને મહત્તમ પાંચ ગણી એન.પી.વી. તેમજ તેના ઉપર રકમ જમા કરવવા સુધીના સમય માટે ૧૨ ટકા સાધારણ વ્યાજ.**

(બ) **પબ્લિક યુટીલીટી પ્રોજેક્ટ માટે પેનલ્ટી ૨૦ ટકા રહેશે.**

(ક) સંબંધિત સરકારી કર્મચારી / અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી

(ડ) રાજ્ય સરકારના સ્થાનિક કાયદાઓ મુજબ યુઝર એજન્સી સામે કાર્યવાહી.

પ્રશ્ન. ૧ : છેલ્લા બે વર્ષમાં કયા કયા ઉદ્યોગગૃહોને કયા હેતુ માટે જંગલની જમીનની ફાળવણી કરવામાં આવેલ છે અને તેમની પાસેથી કેટલી રકમ વસૂલ કરવામાં આવેલ છે ? (વધારાનો તારાંકિત)

ઉત્તર : છેલ્લા બે વર્ષમાં કુલ ૧૩ ઉદ્યોગગૃહોને ગેસ પાઈપલાઈન, એપ્રોચ રોડ, ટ્રાન્સમીશન લાઈન, પાણીની પાઈપલાઈન, યુટીલીટી કોરીડોર, પોર્ટ ફેસીલીટી, મલ્ટી કાર્ગો પોર્ટ વિગેરે જુદા જુદા હેતુ માટે જંગલની જમીનની ફાળવણી કરવામાં આવેલ છે અને આ ઉદ્યોગગૃહો પાસેથી રૂ. ૧૮.૫૨ કરોડ વસૂલ કરવામાં આવેલ છે.

| અ. નં. | ઉદ્યોગ ગૃહોનું નામ | હેતુ | વિસ્તાર (હેક) | વસૂલ કરેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | નોબેલ સેરા કોટ | ગેસ પાઈપલાઈન | ૦.૫૩૬૩ | ૪,૪૯,૩૬૧ |
| ૨ | મોરાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ | એપ્રોચ રોડ | ૦.૬૧ | ૧૯,૫૪,૮૩૦ |
| ૩ | અદાણી ગ્રૂપ | ગેસ પાઈપલાઈન, મલ્ટીકાર્ગો પોર્ટ, ટ્રાન્સમીશન લાઈન | ૧૩.૫૬૩૨ | ૩,૮૯,૭૫,૫૭૮ |
| ૪ | આર્કેયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ | પાણીની પાઈપલાઈન | ૦.૩૦૫૩ | ૧૭,૯૫,૨૬૧ |
| ૫ | સનડ્રોપ્સ એનર્જીયા પ્રાઈવેટ લિમિટેડ | ઈલેક્ટ્રીક કેબલ લાઈન | ૦.૦૦૨૪ | ૦ |
| ૬ | આરએસપીએલ લિમિટેડ | એપ્રોચ રોડ | ૦.૨૨૬૭ | ૯,૦૦,૨૩૬ |
| ૭ | નર્મદા ક્લીનટેક | એપ્રોચ રોડ | ૦.૦૩૮૪ | ૮,૨૭,૫૧૫ |
| ૮ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | યુટીલીટી કોરીડોર, પોર્ટ ફેસીલીટી | ૪૭.૩૭૯૦ | ૧૩,૭૪,૬૨,૪૩૩ |

૧૩

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | આઈઆરએમ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ | ગેસ પાઈપલાઈન | ૦.૨૮૯૪ | ૧,૨૬,૭૫૭ |
| ૧૦ | ટોરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ | ગેસ પાઈપલાઈન | ૦.૭૩૩૨ | ૩,૨૧,૧૪૨ |
| ૧૧ | સાયન યુટીલીટી & કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ | પાણીની પાઈપલાઈન | ૦.૬૨૦૦ | ૨૦,૧૬,૯૩૬ |
| ૧૨ | સુર્યાંશ પાવર ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ | ટ્રાન્સમીશન લાઈન | ૦.૦૭૦૨ | ૧,૭૩,૩૯૭ |
| ૧૩ | લવમેકુમાર રાઠોડ | ટ્રાન્સમીશન લાઈન | ૦.૦૯૦૦ | ૧,૬૫,૨૦૨ |
| | કુલ | | ૬૪.૪૬૧૧ | ૧૮,૫૧,૬૮,૬૪૮ |